
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૪ | ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩, સોમવાર; મહા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારતમાં ૨૩૨ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ

**ભારતે ચીન સામે મોટી કાર્યવાહી કરી : આ એપ્સ લોકોને દેવાની જાળમાં ફસાવતા હતા અને પછી લોનનું વ્યાજ ૩,૦૦૦ ટકા સુધી વધારી દેવામાં આવતું હતું**



નવી દિલ્હી, તા.૫

ભારતે ચીન સામે મોટી કાર્યવાહી કરી છે. ભારતમાં ૨૩૨ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચીનની ૧૩૮ બેટિંગ એપ્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સિવાય ચીનની ૯૪ લોન આપતી એપ્સને પણ ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. આપને જણાવી દઈએ કે ગૃહ મંત્રાલયના સૂચન પર ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે તાત્કાલિક ધોરણે ૧૩૮ બેટિંગની ચાઈનીઝ એપ્સ અને ૯૪ લોન આપતી ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ અને બ્લોક કરવાનું શરૂ કરી દીધું છે.

જણાવી દઈએ કે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આ પગલું ભર્યું છે કે આ તમામ ચીની એપ્સ આઈટી એક્ટની કલમ ૬૯નું ઉલ્લંઘન કરી રહી છે. આમાં એવી સામગ્રી છે જે ભારતની સંપ્રભુતા અને અખંડિતતા માટે ખતરો છે. ઘણા લોકોએ તેમને હેરાનગતિ થતી હોવાની ફરિયાદ કરી હતી. આ ચાઈનીઝ એપ્સ સામે કાર્યવાહી કરવાનું આ પણ એક કારણ છે.

મળતી માહિતી મુજબ આ પ્રતિબંધિત એપ્સ પાછળ ચીન શાતિર દિમાગ હતું. આ એપ્સના

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્રીય કર્મીઓને હોળી ભેટ મળવાની શક્યતા

**DAમાં વધારો થવાના સંકેત : નાણા મંત્રાલય ડીએ વધારવા માટે એક પ્રસ્તાવ તૈયાર કરશે અને કેન્દ્રીય મંત્રિમંડળના સમક્ષ મંજૂરી માટે મૂકશે**

નવી દિલ્હી, તા.૫

કેન્દ્ર સરકાર તેના એક કરોડથી વધારે કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થાને (ઙછ)ને ૩૮ ટકાથી વધારીને ૪૨ ટકા કરી શકે છે.

કર્મચારીઓ અને પેન્શનદારો માટે મોંઘવારી ભથ્થાની ગણતરી લેબર બ્યુરો દ્વારા દર મહિને જાહેર કરવામાં આવતા ઔદ્યોગિક કામદારો માટેના જાહેર ગ્રાહક ભાવના સૂચકાંકના આધાર પર કરવામાં આવે છે. લેબર બ્યુરો લેબર મંત્રાલયનો જ એક ભાગ છે.



ઓલ ઈન્ડિયા રેલવેમેન ફેડરેશનના મહાસચિવ શિવ ગોપાલ મિશ્રાએ સમાચાર એજન્સી સાથે વાત કરતા કહ્યું કે, 'ડિસેમ્બર ૨૦૨૨ માટે સીપીઆઈ-આઈડબલ્યૂ ૩૧ જાન્યુઆરી ૨૦૨૩એ જાહેર કરવામાં આવ્યુ હતું. તેના હિસાબથી મોંઘવારી ભથ્થામાં ૪.૨૩ ટકાનો વધારો થવો જોઈએ. પરંતુ સરકાર ડિએમાં દશાંશ બિંદુ પછી સંખ્યા વધારતી નથી. આ પ્રકારે ડીએને ૪ ટકા વધારીને ૪૨ ટકા કરવાની શક્યતા છે.'

તેમણે આગળ જણાવ્યુ કે, નાણા મંત્રાલય પોતાના ખર્ચને ધ્યાનમાં રાખતા ડીએ વધારવા માટે એક પ્રસ્તાવ તૈયાર કરશે અને કેન્દ્રીય મંત્રિમંડળના સમક્ષ મંજૂરી માટે મૂકશે. ડીએ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૩થી પ્રભાવી થશે. વર્તમાનમાં એક કરોડથી વધારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને ૩૮ ટાક મોંઘવારી ભથ્થુ મળી રહ્યું છે. ડીએમાં ગત સંશોધન ૨૮ ડિસેમ્બર. ૨૦૨૨માં કરવામાં આવ્યુ હતું. જે ૧ જુલાઈ, ૨૦૨૨થી પ્રભાવી થશે.

વર્તમાન કર્મચારીઓને સરકાર મોંઘવારી ભથ્થુ અને પેન્શનધારકોને મોંઘવારી રાહત એટલે કે ડીઆર આપે છે. આવું વધતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ એક વર્ષમાં ૨ વાર

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફનું નિધન

**પરવેઝ મુશર્રફે દુબઈમાં ૭૯ વર્ષની વયે જનરલ પરવેઝ મુશર્રફે અંતિમ શ્વાસ લીધા : પાકિસ્તાનના ૧૦મા રાષ્ટ્રપ્રમુખ હતા મુશર્રફ**



નવી દિલ્હી, તા.૫

પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જનરલ પરવેઝ મુશર્રફનું રવિવારના રોજ દુબઈમાં લાંબી માંદગી બાદ નિધન થયું છે. પાકિસ્તાનના સ્થાનિક મીડિયા દ્વારા આ સમાચાર આપવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે પરવેઝ મુશર્રફે ૭૯ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. પાછલા થોડા સમયથી દુબઈની અમેરિકન હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. અહેવાલ અનુસાર, પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફ પાછલા થોડા અઠવાડિયાથી હોસ્પિટલમાં દાખલ હતા અને તેમની સારવાર ચાલી રહી હતી. પરંતુ તેમણે આખરે અંતિમ શ્વાસ લીધા હતા. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬થી પરવેઝ મુશર્રફ દુબઈ શિફ્ટ થઈ ગયા હતા. પાછલા આઠ વર્ષથી દુબઈમાં તેમની સારવાર ચાલી રહી હતી. તેમના કાર્યકાળની વાત કરવામાં આવે તો તે પાકિસ્તાનના દસમા રાષ્ટ્રપ્રમુખ હતા. તેઓ વર્ષ ૧૯૬૪માં પાકિસ્તાન આર્મી સાથે જોડાયા હતા.

# ડોડામાં અડધી રાત્રે મકાનો ધરાશાયી થતા ભયનો માહોલ

**ડોડામાં પણ પરિસ્થિતિ વણસી : ૧૦૦થી પણ વધુ લોકો બેઘર, રાહત કેમ્પમાં ખસેડાયા ગામમાં મોટુ ભૂસ્ખલન થવાથી મકાનો ધરાશાયી થયા**

જમ્મુ, તા.૫

ડોડા જિલ્લાના એક ગામમાં



અનેક ઘરોમાં તિરાડો આવ્યા બાદ ઉપરાજ્યાપાલ મનોજ સિન્હાએ કહ્યું કે, તેઓ પરિસ્થિતિ પર ધ્યાન રાખી રહ્યા છે. નવી બસ્તી ગામમાં તિરાડો સામે આવ્યા બાદ ત્રણ મકાનો ધરાશાયી થયા છે અને ૧૮ અન્ય મકાનો અસુરક્ષિત જોવા મળ્યા છે. ભારત સરકારની ભૂગર્ભ સર્વેક્ષણની ટીમે ગામમાં જઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યુ હતુ. આ વિસ્તારના એસડીએમે કહ્યું કે, શનિવારે કોઈ નવી ઈમારતમાં તિરાડો જોવા મળી નથી. આ દરમિયાન ઉપ રાજ્યપાલે ગામની તુલના ઉત્તરાખંડના જોશીમઠ સાથે કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેઓએ કહ્યું કે, અસરગ્રસ્તોને દરેક પ્રકારની મદદ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# એનઆઈએએ ત્રણ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી

**આરોપી પાસેથી બે હેન્ડગ્રેનેડ, મોબાઈલ અને રોકડા રુપિયા મળ્યા**

હૈદરાબાદ, તા.૫

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) હૈદરાબાદ યુનિટે રવિવારે લશ્કર-એ-તૈયબા અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIની સૂચનાઓ પર આતંકવાદી હુમલાઓ અને લોન વોલ્ફ અટેક્સ કરવા માટે યુવાનોની ભરતી કરનારા ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ વિરુદ્ધ એફઆરઆઈ જારી કરી છે. ત્રણેય હૈદરાબાદીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં માલકપેટના મુસારામ બાગમાં રહેતા ઝાહેદ ઉર્ફે મોહમ્મદ અબ્દુલ જાહિર ઉર્ફે મોહમ્મદ વાજીદ, મેહદીપટ્ટનમના હુમાયુનગરમાં આવેલા રોયલ કોલોનીમાં રહેતા માજ હાસન ફારુક ઉર્ફે માજ અને હૈદરાબાદના સઈદાબાદના અકબરભાગમાં રહેતા સમીમુદ્દીન ઉર્ફે સામી વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

NIAએ હૈદરાબાદ શહેર પોલીસ પાસેથી તપાસ પોતાના હાથમાં લીધી છે. સેન્ટ્રલ ક્રાઈમ સ્ટેશનની હૈદરાબાદ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના પોલીસ ઈન્સ્પેક્ટર સીએચ નરેન્દ્ર રાવે ફરિયાદ નોંધાવી હતી.

જય ગૌમાતા

શુદ્ધતા-સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન નહીં.

વેદલક્ષણા – શ્રી ગોધામ મહાતીર્થ પથમેડા –

સાત્વિક આહાર - શુદ્ધ વિચાર

જય ગૌમાતા

ગૌસેવા એજ પરમ સેવા

ગોધામ મહાતીર્થ પથમેડાની વેદલક્ષણા દેશી ગાયોનું શુદ્ધ A2 ઘી તેમજ ગાયના શુદ્ધ ઘી-દૂધમાંથી બનાવેલ મીઠાઈ, બિસ્કીટ, નાસ્તા તેમજ ગૌમુત્રમાંથી બનાવેલ આયુર્વેદિક ઔષધિ તેમજ કોસ્મેટિક્સ મેળવવા સંપર્ક કરો :

99049 17644, 95123 88111

સારા પ્રસંગે ગૌજન્ય વસ્તુઓ ભેટ આપો

# ભારતીય રેલવે શરૂ કરશે ભારત ગૌરવ AC ટૂરિસ્ટ ટ્રેન

**ગુજરાત હેરિટેજના થશે દર્શન : ભારતીય રેલવે એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ ભારત ગૌરવ ડીલક્સ એસી પ્રવાસી ટ્રેન ચલાવશે**

નવી દિલ્હી, તા.૫

ભારતીય કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (ઈઝ્રઝ) 'એક ભારત શ્રેષ્ઠ ભારત' યોજના હેઠળ ભારત ગૌરવ ડીલક્સ છઝ પ્રવાસી ટ્રેન ચલાવશે. આ ગરવી ગુજરાત યાત્રા ૨૮ ફેબ્રુઆરીએ દિલ્હી સફદરજંગ સ્ટેશનથી શરૂ થશે. આ ટ્રેન પ્રવાસ સરકારની એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે.

ભારતના વાઈબ્રન્ટ ગુજરાતના વારસાને પ્રદર્શિત કરવા માટે બનાવવામાં આવેલ છે. ફર્સ્ટ એસી અને સેકન્ડ એસી ક્લાસ સાથેની અત્યાધુનિક ભારત ગૌરવી ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન ૮ દિવસ માટે તમામ પ્રવાસ માટે ચલાવવામાં આવશે. પ્રવાસી ટ્રેનમાં ૪ ફર્સ્ટ એસી કોચ, ૨ સેકન્ડ એસી કોચ, એક સુસજ્જ

● અનુસંધાન પાન-૭ પર

# સૂર્ય કિરણની કરતબ જોઈને ઉપસ્થિત લોકો દંગ રહી ગયા

**વાયુસેનાની ગજબની તાકાત : એર શોના શક્તિ પ્રદર્શન દરમિયાન સ્કેટ પાયલટોએ પોતાની કરતબો આકાશમાં કરીને બતાવ્યા હતા**

તિરુવનંતપુરમ, તા.૫

ભારત દેશની પ્રસિદ્ધ સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમે કેરલના તિરુવનંતપુરમમાં એર શો કર્યો. આ શો શાંગુમુગમ બીચ પર કરવામાં આવ્યો હતો. એર શો દરમિયાન ભારતીય વાયુ સેનાએ શક્તિ પ્રદર્શન કર્યું હતું. ભારતીય વાયુ સેનાના વિમાનોની કરતબ જોઈને લોકો દંગ રહ્યા હતા. સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમ સમયાંતરે અલગ-અલગ સ્ક્વાડ્રન એર શો મારફતે શક્તિ પ્રદર્શન કરતી રહે છે. તમને જણાવી દઈએ કે, સૂર્ય કિરણ ટીમ એ વાયુસેનાની એરોબેટિક્સ પ્રદર્શન ટીમ છે.

